જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૭/૧૧/૨૦૨૫ ગુરૂવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૬૬૯/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૭૮ કેસ કરી, ૭૦ વ્યક્તિઓને ઝડપી, ૨૬૨ લીટર દેશી દારૂ, ૦૪ બોટલ ઈંગ્લીશ દારૂ, ૩૫ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૧૨ બિયર ટીન અને ૦૧ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૦૨ કેસ કરી ૦૩ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૩૦૫/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૬૭૦/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૯૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧૪ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

ઘરફોડઃ– **સમાચાર યાદી નં.૧૬૭૧/૨૦૨૫**

વટવા જી.આઈ.ડી.સીઃ નિલાંગકુમાર અરવિંદભાઈ પટેલ (રહે. શ્રીજી રેસીડન્સી રિલાયન્સ પેટ્રોલપંપ પાસે વસ્ત્રાલ) એ તા.૨૬/૧૧/૨૦૨૫ ના રોજ વટવા જી.આઈ.ડી.સી. પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૬/૧૧/૨૦૨૫ થી તા.૨૫/૧૧/૨૦૨૫ સુધીના સમયગાળા દરમ્યાન વટવા જી.આઈ.ડી.સી. ફેઝ–૨ પ્લોટ નંબર–૨૪૪ થી ૨૧૫ ગ્રીન એન્વાયરમેન્ટ કો.ઓ.સોસાયટી ખાતે સ્ટોર રૂમની બહારથી (૧) એસ.એસ.ચેનલ નંગ–૧૩ કિમત રૂપિયા ૧,૩૬,૦૦૦/– (૨) એસ.એસ.એન્ગલ નંગ–૨ કિમત રૂપિયા ૨૧,૬૦૦/– (૩) એસ.એસ.૩૦૪ પાઈપ નંગ–૫ કિમત રૂપિયા ૧૦,૦૦૦/– (૪) એસ.એસ. ડીફ્યુજર નંગ–૧ કિમત રૂપિયા ૧૧,૦૦૦/– તથા (૫) એસ.એસ.વાલ્વ નંગ–૪ કિમત રૂપિયા ૧૨,૦૦૦/– મળી કુલ રૂપિયા ૧,૯૦,૬૦૦/– મતાની અજાણી વ્યક્તિ ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એન.જે.પરમાર ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર યાદી નં.૧૬૭૨/૨૦૨૫**

બોડકદેવઃ. હેબતપુર એ.એમ.સી.નો પ્લોટ શિવહોમ બંગ્લોઝ સામે આર્યમાન સોસાયટી પાછળ કાચા છાપરાંમાં રહેતા વકીલભાઈ વિરસિંગભાઈ માવી નાઓની સગીર વયની પુત્રી એ અગમ્ય કારણસર તા.૨૬/૧૧/૨૦૨૫ સાંજના ૦૫/૦૦ થી ૦૬/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના ઘરે છત સાથે લગાવેલ લોખંડની પાઈપ સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે બોડકદેવ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી આર.બી.ઝાલા ચલાવે છે.

દાણીલીમડાઃ શિલ્પાબહેન મહેશભાઇ મકવાણા (ઉ.વ.૨૬) (રહે. મઘાપુરાની ચાલી વઢીયારી વાસ રામરહીમનગર બહેરામપુરા) એ અગમ્ય કારણસર તા.૨૬/૧૧/૨૦૨૫ બપોરના ૦૨/૧૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે છતની લોખંડની એંગલમાં દોરી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે દાણીલીમડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મદદનીશ પોલીસ કમિશનર શ્રી "કે" ડીવીજન ચલાવે છે.

વાસણાઃ (૧) અંકીત સ/ઓ હરીશભાઇ સૌલંકી (ઉ.વ.૩૧) (રહે. વણકરવાસ વાસણા ગામ રામજી મંદીર પાસે વાસણા) એ અગમ્ય કારણસર તા.૨૬/૧૧/૨૦૨૫ બપોરના ૦૨/૧૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખાના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાતા સારવાર માટે તેમને જીવરાજ મહેતા હોસ્પિટલ ખાતે લઇ જતા ફરજ પરના ડૉ.શ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે વાસણા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ. શ્રી એસ.એ.દુર્રાની ચલાવે છે.

વાસણાઃ (૨) વિનોદચંદ્ર કાંતિલાલ જોષી (ઉ.વ.૭૪) (રહે. તપસ્વી જલારામ સોસાયટી ચિંતન હોસ્પીટલ સામે જીવરાજ પાર્ક વાસણા) એ અગમ્ય કારણસર તા.૨૬/૧૧/૨૦૨૫ કલાક ૦૭/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે દોરી બાંધી ગળેફાંસો ખાતા સારવાર માટે તેમને વા.સા.હોસ્પિટલ ખાતે લઇ જતા ફરજ પરના ડૉ.શ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે વાસણા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ. શ્રી ગુલાબસિંહ સવજીભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી